# ધો-૧૧ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ૧૫મીએ પરીક્ષાની બેઠક વ્યવસ્થા જોઈ શકશે

## પરીક્ષાને અનુલક્ષી સ્થાનિક કક્ષાએ સ્ક્વૉડની ૨૭ ટીમ

ગાંધીનગર, તા.૧૩

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં ૧૬ એપ્રિલથી શરૂ થનારી દ્વિતીય સેમીસ્ટરની કસોટીમાં જિલ્લામાંથી ૫૮૨૭ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસનાર છે. જ્યારે આ વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા સંદર્ભે જાણકારી મેળવવા ૧૫ એપ્રિલના રોજ પરીક્ષા સેન્ટરો બપોરે ૨.૩૦ થી ૫.૦૦ કલાક દરમિયાન ખુલ્લા રહેશે.

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં દ્વિતિય સેમીસ્ટરની પરીક્ષાની કાર્યવાહી ૨૭ બિલ્ડીંગમાં હાથ ધરવામાં આવશે. પરીક્ષાના પ્રારંભ પૂર્વેના દિવસે વિદ્યાર્થીઓ બપોરે ૨.૩૦થી ૫.૦૦ કલાક દરમિયાન પોતાની બેઠક વ્યવસ્થા જાણી શકશે. જિલ્લા શિક્ષણ તંત્રના સૂત્રોના જણાવ્યા અનુસાર જિલ્લાના ૨૭ બિલ્ડીંગોમાં ૩૦૪ બ્લોક ખાતે પરીક્ષા યોજાશે જેમાં શહેરના ૨૧, ચાંદખેડાના ૪ તેમજ કલોલ અને માણસામાં એક-એક કેન્દ્રમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. આ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરી દેવાયો છે. આ ઉપરાંત ઝોનલ અધિકારીની પણ નિમણૂંક કરી દેવાઈ છે. પરીક્ષા દરમિયાન પારદર્શકતા જળવાઈ રહે તે માટે સ્થાનિક કક્ષાએ સ્કવોર્ડની ૨૭ ટીમો રાઉન્ડ લેશે. જિલ્લાના ૪૦૭૩ વિદ્યાર્થીઓ ગણિત તેમજ ૧૭૫૯ વિદ્યાર્થીઓ બાયોલોજી વિષયની પરીક્ષા આપશે. જ્યારે રસાયણ વિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર, અંગ્રેજી, સંસ્કૃત તેમજ કોમ્પ્યુટર સહિતના વિષયની પરીક્ષામાં ૫૮૨૭ વિદ્યાર્થીઓ હાજરી આપશે.

# ગાંધીનગરમાં મોડી સાંજે વાતાવરણમાં પલ્ટો

## આકરી ગરમી ગાયબ થઈ : ચૈત્ર મહિનામાં અષાઢી વાતાવરણ છવાયું



ગાંધીનગર, તા. ૧૩

આકરી ગરમી પડ્યા બાદ છેલ્લા બે દિવસથી ધીમે ધીમે વાતાવરણમાં પલ્ટો આવી રહ્યો છે. શુક્રવારે મોડી સાંજે વાતાવરમમાં ભારે પલ્ટો આવ્યો હતો અને પવન ફૂંકાવાનો શરૂ થતા વસાહતીઓને ગરમીથી રાહત મળી હતી.

એપ્રિલ મહિનાની શરૂઆતમાં આકરી ગરમીનો અનુભવ થયા બાદ છેલ્લા બે-ત્રણ દિવસથી વાતાવરમમાં પલ્ટો આવી રહ્યો છે. શુક્રવારે સાંજે તો વાતાવરણ એકાએક જ પલ્ટાઈ ગયું હતું. ભારે પવન નીકળ્યો હતો અને વાતાવરણ એકદમ ઠંડુ થઈ ગયું હતું. ભારે પવનના કારણે વાદળો ખેંચાઈ આવ્યા હતા અને જાણે વરસાદની ઋતુ આવી પહોંચી હોય તેવો અનુભવ થતો હતો.

ગઈકાલથી સમગ્ર પશ્ચિમ ભારતમાં વાતાવરણ પલ્ટાયુ છે. એપ્રિલ મહિનામાં આકરી ગરમી પડવી જોઈએ તેના સ્થાને વાતાવરણ ઠંડુ બની રહ્યું છે. પાટણ સહિત ઉત્તર ગુજરાતના કેટલાક સ્થળોએ ગઈકાલે કરા પડ્યા હતા. ગાંધીનગરમાં તેની અસર સ્વરૂપે ઠંડો પવન ફૂંકાવવો શરૂ થયો હતો અને વાદળોની અવરજવર શરૂ થઈ હતી. ધૂપ-છાંવ જેવું વાતાવરણ સર્જાતા મહત્તમ તાપમાન જે એક સમયે ૪૧ ડિગ્રીથી વધુ પહોંચી ગયું હતું તે એક ઝાટકે ૨ થી ૩ ડિગ્રી જેટલુ નીચુ ઉતરી ગયું હતું. આજે મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી જેટલુ રહેતા ગરમીથી રાહત મળી હતી. ગાંધીનગરમાં જાણે ચૈત્ર મહિનામાં અષાઢી માહોલ છવાયો હોય તેવું લાગતું હતું. સૌરાષ્ટ્રના રાજકોટ અને તેની આસપાસના વિસ્તારોમાં વરસાદ પડ્યો હોવાના સમાચાર પ્રાપ્ત થયા હતા. હાલમાં ઘઉંની કાપણીની સીઝન ચાલી રહી છે ત્યારે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદ અને ઝાકળવર્ષા થતા ખેડૂતો ચિંતિત બન્યા છે. આંબાના વૃક્ષો પર લદાયેલા કેરીના પાકને પણ ભારે નુકશાન જાય તેવી દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે. આવા વાતાવરણના કારણે કેરીના પાકને નુકશાન જશે તો ભાવ વધુ ઉંચા જવાની સંભાવના છે.

## ખૂણે ખાંચરેથી

● આજે ગાંધીનગર જિલ્લા શહેરમાં મહિલા કોંગ્રેસ સંગઠનની કામગીરી જોવા નિરીક્ષક સુશ્રી આશા શર્મા ગાંધીનગર આવ્યા હતા. તેમણે કાઉન્સીલરો અને હોદ્દેદારો સાથે બેઠક કરી હતી. ● જામનગર મેયર કપ ટુર્નામેન્ટમાં રમવા માટે આજે વહેલી સવારે શહેરના ભાજપી કાઉન્સીલરો જામનગર જવા રવાના થયા હતા. ● આજે મોડી સાંજે ચડેલ આંધીને હવામાનના જાણકાર નિષ્ણાતો પ્રિ. મોન્સુન એક્ટીવીટી સાથે સરખાવતા હતા. ● મોડી સાંજે ફુંકાયેલ આંધીમાં પવનની ગતિ ૧૮ થી ૨૦ કિ.મી. જેટલી હોવાનું પણ આ નિષ્ણાતોએ કહ્યું હતું. ● ગાંધીનગર શહેર અને જિલ્લામાં આવતીકાલથી લગ્નસરાની મોસમનો બીજો તબક્કો શરૂ થઈ રહ્યો છે. ● ગાંધીનગરમાં મચ્છરોની ઉત્પત્તિમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. ● ગાંધીનગર કલેક્ટર કચેરીમાં હાલ ત્રણ ડે. કલેક્ટરોની જગ્યાઓ ચાર્જમાં ચાલી રહી છે. જેમાં સ્ટેમ્પડ્યુટી, મધ્યાહન ભોજન યોજના તેમજ જમીન સંપાદનની જગ્યાઓનો સમાવેશ થાય છે.

# રવિવારે પલ્સ પોલિયોનો બીજો રાઉન્ડ

## બીજા રાઉન્ડમાં વધુ વીસ બુથ બનાવવાનો નિર્ણય : બાંધકામની મોટી સાઈટના મજૂરોના બાળકોને પણ આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આગામી રવિવારે પલ્સ પોલિયોના બીજા રાઉન્ડમાં વીસ બુથ વધારી અને રસીકરણને વધુ સઘન બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી રાકેશ વૈદ્યે જણાવ્યું છે કે પલ્સ પોલીયોના બીજા રાઉન્ડમાં ઈંટો-ભઠ્ઠાના વિસ્તારો ઉપરાંત જે મોટી બાંધકામની સાઈટો ચાલી રહી છે ત્યાં કામ કરતા મજૂરોના બાળકોને પણ આવરી લેવા માટે બુથોની સંખ્યામાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

તેમણે જણાવ્યું હતુ કે જિલ્લાના ૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા બે લાખથી પણ વધુ બાળકોને આવરી લેવામાં આવશે. રસીકરણના આ મહત્વના કાર્યક્રમના અમલીકરણ માટે મોબાઈલ ટીમની સંખ્યા પણ વધારીને ૫૦ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે સમગ્ર જિલ્લામાં ૮૫૦ કરતાં પણ વધુ બુથ ઉભા કરવામાં આવનાર છે.

આ કાર્યક્રમના મોનીટરીંગ માટે પ્રા.આ. કેન્દ્ર દીઠ જિલ્લા કક્ષાના અધિકારીઓને ખાસ ફરજ સોંપવામાં આવી છે. જિલ્લામાં ૩૫૦૦ થી પણ વધુ કર્મચારીઓ આ અભિયાનમાં ફરજો બજાવનાર છે. તેમણે જણાવ્યું હતું કે પ્રથમ રાઉન્ડ દરમ્યાન ૮૫ ટકા જેટલી કામગીરી અભિયાનના પ્રથમ દિવસે થઈ હતી. આ વેળાએ આ કામગીરી પ્રથમ દિવસે જ ૧૦૦ ટકા થાય તે રીતે આખુ આયોજન કરવામાં આવ્યું છે.

શહેરી વિસ્તારમાં પણ આ કાર્યક્રમમાં સ્વૈચ્છીક સંસ્થાઓની મદદથી કામગીરીને વધુ અસરકારક બનાવવાનું આયોજન વિચારવામાં આવ્યું છે. મંદિરો, એસ.ટી. બસ સ્ટેન્ડ તેમજ રેલવે સ્ટેશન નજીક પણ ખાસ પોલિયો બુથ ઉભા કરવામાં આવશે.

ડૉ. વૈદ્યે જણાવ્યું હતું કે રસીનો પુરતો જથ્થો દરેક કેન્દ્ર પર રવાના કરી દેવામાં આવ્યો છે. આ માટે જરૂરી તાલીમ પણ કર્મચારીઓને અપાઈ છે. બાંધકામની મોટી સાઈટો ચાલતી હશે ત્યાં મોબાઈલ ટીમો પણ પહોંચશે. તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં છેલ્લા ૧૦ વર્ષમાં એકપણ પોલિયોનો કેસ નોંધાયો નથી.

# સિટી બસના ભાડા-વધારા સામે ભાજપી કાઉન્સીલરોનો ઉગ્ર વિરોધ

## એસ.ટી. નિગમે ભાડું વધાર્યું નથી પણ સીટી બસના ચાલકોએ આ મનસ્વી ભાડા વધારો કર્યો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સીટી બસના ભાડામાં કરાયેલા વધારાનો આજે ભાજપના કાઉન્સીલરોએ ઉગ્ર વિરોધ કર્યો છે અને શહેરી વિસ્તારની પ્રજાને પુરી સુવિધા આપવાની નિષ્ફળતા સામે રોષ વ્યક્ત કર્યો છે.

કોર્પોરેશનના વિપક્ષી નેતા શ્રી મનુભાઈ પટેલે આજે જણાવ્યું છે કે સીટી બસ જે શહેરના અંતરિયાળ વિસ્તારમાં જવી જોઈએ ત્યાં જતી નથી. સીટી બસના સંચાલકો જે રૂટો પર આવક થાય છે તેનું જ સંચાલન કરે છે. સી.એન.જી.ના ભાવમાં થયેલા વધારા પછી પણ એસ.ટી. નિગમે ભાડું વધાર્યું નથી પણ સીટી બસના ચાલકોએ આ મનસ્વી ભાડા વધારો કર્યો છે.

શ્રી પટેલે જણાવ્યું છે કે આ ભાડા વધારાનો અમે વિરોધ કરીએ છીએ એટલું જ નહિ આગામી દિવસોમાં આ બસ ચાલકો દ્વારા જો આંતરિક બસ સેવા અસરકારક નહિ શરૂ કરાય તો અમે આંદોલન છેડીશું.

ભાજપના શ્રી આશિષ દવેએ જણાવ્યું છે કે સીટી બસના ચાલકોએ તેના પીક અપ સ્ટેન્ડ જ નથી બનાવ્યા અને આડેધડ ભાડુ વસુલવામાં આવે છે. નવા સે-૧ થી ૬માં આંતરિક બસ સેવાઓ ઠપ્પ છે તેમણે પણ આ ભાડા વધારાનો વિરોધ કર્યો છે.

કાઉન્સીલરો શ્રી સુરેશ મહેતા, શ્રી શંકરભાઈ ચૌધરી, શ્રી કાર્તિક પટેલ, શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, શ્રી પ્રકાશ પટેલે પણ આ મુદ્દે આગામી દિવસોમાં મ્યુનિ. કમિશ્નરશ્રીને રૂબરૂમાં મળી લેખિત રજુઆત કરવામાં આવશે તેમ જણાવ્યું છે.

# ડેપોમાં મુસાફરનું પાકીટ સેરવતા બે રંગે હાથ પકડાયા

## ડેપોના કર્મચારીઓએ ફરી એકવાર ઉમદા ફરજ નિભાવી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં બસની અંદર ભીડભાડની સ્થિતિનો લાભ લઈ મુસાફરોનું પાકીટ ચોરવાનો પ્રયાસ કરતી એક મહિલા સહીત બે ને ડેપોના સ્ટાફ મેમ્બરે રંગે હાથ ઝડપી લીધા હતા.

એસ.ટી. ડેપોમાં પોલીસ વોચના અભાવે ગુનાખોરી તત્વોનું જોર વધી રહ્યું છે. થોડા વખત અગાઉ પણ મુસાફરો પર વોચ રાખી તકનો લાભ ઉઠાવી પાકીટ સેરવી લેતા ગઠીયાને ડેપોના સ્ટાફ કર્મીઓએ ઝડપી લીધો હતો. જ્યારે છેલ્લા ૧૫ દિવસમાં બીજીવાર આજે પાકીટ ચોર તત્વોને ઝડપી લેવાયા હતા. એસ.ટી. ડેપોના સંકુલમાં આજે બપોરે ૧૨.૩૦ વાગ્યાના અરસામાં ગાંધીનગર-દહેગામ રૂટની બસ આવતા એક જાણભેદી મહીલા તેમજ પુરુષે બસમાં ભીડભાડનો લાભ ઉઠાવી મુસાફરના ખિસ્સામાં હાથ નાંખી પાકીટ સેરવી લેવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ બંનેની શકમંદ વર્તણુંકના લીધે ડેપોના કન્ટ્રોલર સહિત અન્ય કર્મચારીઓએ તેમના પર વોચ રાખી હતી. જેના પરિણામે આ બંનેને પીક પોકેટીંગ વેળાએ રંગે હાથ ઝડપી લેવામાં આવ્યા હતા. ડેપો કક્ષાએથી આ અંગે સે-૭ પોલીસને જાણ કરવામાં આવી હતી.

## ડૉ. આંબેડકરની પ્રતિમાને આજે કોંગ્રેસ દ્વારા પુષ્પમાળા અર્પણ કરાશે

અમદાવાદ, તા.૧૩

અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પંકજ શાહે જણાવે છે કે, ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૧મી જન્મજયંતિ પ્રસંગે તા. ૧૪-૪-૨૦૧૨નાં રોજ શનિવારે સવારે ૯.૩૦ કલાકે સારંગપુર દરવાજા ખાતે ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પમાળા અર્પણનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

## માણસા તાલુકામાંથી ત્યજી દેવાયેલી બાળકી મળી આવી

ગાંધીનગર, તા. ૧૩

માણસા તાલુકાના બિલોદ્રા ગામ નજીકની સીમમાંથી ત્યજી દેવાયેલી એક મહિનાની બાળકી મળી આવતા તેને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર માણસા તાલુકાના ટીંટોદ ગામના ખેતરમાં ત્યજી દેવાયેલી એક માસની બાળકી પર સ્થાનિક વ્યક્તિની નજર પડી હતી. આ અંગે ૧૦૮ એમ્બ્યુલન્સવાનને જાણ કરવામાં આવી હતી. જેના મારફતે માસુમ બાળકીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં એન.આઈ.સી.યુ. વોર્ડમાં રાખવામાં આવી છે.

માણસા પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

